**આંક:– ૨૩**

**નામ. મજુર અદાલત નં.૫, અમદાવાદના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ. મુ. અમદાવાદ**

**રેફરન્સ(એલ.સી.એ.)નં. ૬૯૦/૨૦૧૩**

**પ્રથમ પક્ષકાર :–** **સુપર વાઉડેટ જોઈન્ટીંગ પ્રા.લી.**
ઠે. પ્લોટ નં.૬,૭,૮, અજંતા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
વાસણા ઈયાવા, સાણંદ, અમદાવાદ.

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર :–** **શ્રી કાન્તીલાલ લકમાભાઈ**
રહે.:– વાસણા, ઈયાવા, તા. સાણંદ, જિ. અમદાવાદ.
C/o:– ગુજરાત ઔદ્યોગિક જનરલ કામદાર યુનીસયન,
સર્વે નં.૮૨૦/૭, શ્રીજી નગર, વટવા, અમદાવાદ.

વિષય :– ઔદ્યોગિક વિવાદ (સુધારા) અધિનિયમ,૨૦૧૦ અન્વયેનો વિવાદ.

પ્રથમ પક્ષકાર તરફે :– વિ.વ.શ્રી સુનીલ પરીખ

બીજા પક્ષકાર તરફે :– વિ.વ.શ્રી/ પ્રતિનિધી શ્રી આર.આર.જોગી

**'' એવોર્ડ ''**

**(૧)** આ કામે બીજા પક્ષકારના આઈ.ડી.આર. કેસ નં.૩૫૫/૨૦૧૩ તા.૧૧/૦૯/૧૩ અનુસંધાને સમાધાન અધિકારીશ્રી અને મદદનીશ શ્રમ આયુકત અમદાવાદનાએ પક્ષકારો વચ્ચે સમાધાન શકય બનેલ ન હોય ઔદ્યોગિક વિવાદ(સુધારો) અધિનિયમની કલમ–૩ અન્વયે વિવાદ બાબત સીધી મજુર અદાલત સમક્ષ અરજદારને અરજી કરવા નાયબ શ્રમ આયુકતની કચેરી, અમદાવાદના પત્ર ક્રમાંક: નાશ્રઆ/અવિ/ટે.નં.૨૧/આઈડીઆર/૩૫૫/ ૨૦૧૩/૩૪૫૭૬. તા.૨૮/૧૦/૨૦૧૩ થી જાણ કરતા અરજદારે હાલનો વિવાદ ઉપસ્થિત કરેલ છે.

**(૨)** સદર કામે પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર સમાધાન થતાં પ્રથમ પક્ષકાર તથા તેમના વિ.વ.શ્રીઓ તેમજ બીજા પક્ષકાર તથા તેમના પ્રતિનિધીની સહીથી **આંક–૨૨** થી સમાધાન ખત

રજુ કરેલ છે, પક્ષકારોએ સ્વેચ્છાએ અંદરો અંદર સમાધાન થઈ ગયેલ હોવાનુ કબૂલ કરેલ હોય જેથી ખાતરી કરી સમાધાન રેકર્ડ કરવામાં આવે છે અને તે મુજબ કામ સમાધાનથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે, જે **આંક–૨૨** થી રજુ સમાધાન હુકમનો ભાગ ગણાશે. સદર કેસ આજ રોજની ''**લોક અદાલત**'' માં ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. અરજી ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**સ્થળ:– અમદાવાદ.**
**તા:–૧૪/૧૨/૨૦૨૪**

**પ્રદીપકુમાર વસંતલાલ ધીમર**
**પ્રમુખ અધિકારી,**
**લેબર કોર્ટ નં.૫, અમદાવાદ.**
જજકોડ:જીજે૦૧૪૮૮